સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સમાજનો સાથ જોઈ ખોળામાં જ રડી પડ્યા !
થાકી-હારી અવહેલનાની છૂટ રહી પડ્યા !
રડી પડ્યાને હૂંફ મેળવવા કાઢ્યો ઉભરો -
મા ઉમિયા આશીર્વાદે લડ્યા, અંતે રડી પડ્યા !

હાઈકુ

જૂથ બંધીમાં -
તર્યા છે સામે પાણી -
થાક્યા છે હવે ?
(કાઢ્યો બળાપો)

કરો પ્રાર્થના !
પાટીદાર ભાઈઓ -
'વિજય' માટે...
(વિશ્વ ઉમિયા સ્થાપન)

ચિંતન

જબલગિ આશા દેહ કી તબ લગિ ભક્તિ ન હોય;
આશા ત્યાગી હરિ ભજે ભક્ત કહાવે સોય.

ઉપરોક્ત સાખી કહત કબીરામાંથી લેવામાં આવેલ છે.

કબીર કહે છે કે મનુષ્ય પોતાના જીવન દરમિયાન અને આયુષ્યભર અનેક જાતની આશા-તૃષ્ણા સેવે છે. અને પ્રયત્ન કરી તેને પામવાની - પ્રાપ્ત કરવાની મહેચ્છા રાખે છે અને તે પોતાના દેહ વિષે પણ ખૂબ અનુરાગી રહી તેની માયામાં રાચ્યા કરે છેઅને તેમાં જ આસક્ત રહે છે. જ્યાં સુધી માનવી પોતાના દેહની આળપંપાળ કર્યા કરે અને તેમાં જ સુખની આશા રાખે ત્યાં સુધી ભક્તિ કરી શકે જ નહીં.

કબીર આવી આશાને ભક્તિને બાળકમાં કહે છે અને કહે છે જો પ્રભુને પામવાની ઈચ્છા હોય તો દેહ પ્રત્યેની મમતા અને આસક્તિને ત્યાગીને ઈશ્વર સમરણ કરો. સ્ત્રી, પુત્રી અને ધન વગેરેમાં જે સુખ મળે છે તે તો દેહ માટે છે. આવી આસક્તિ અને વિષય વાસનાઓ એ જ ભગવદ્‌ગીતાની પ્રતિબંધક છે માટે ભક્તિ ચાહવાવાળા જે મુમુક્ષુઓ વિષયે વાસનાનો ત્યાગ કરીને હરિને ભજે છે તે જ ખરા ભક્ત કહેવાય છે. આવા ભક્તો પ્રભુનાં પ્રિયપાત્ર છે.

સુવિચાર

- પહેલીવારની ઠોકર અનુભવની મૂડી છે,
  બીજીવારની ઠોકર અનુભવની ઉડાઉગીરી બને છે - **અખંડ આનંદ**
- આળસ એ ઈશ્વરે આપેલા હાથ-પગનું અપમાન છે - **સિસેરો**
- આકાંક્ષાનો શયતાની પડછાયો એ મહત્વાકાંક્ષા છે - **જેમ્સ ઓલિવર**
- આબરું ગુમાવવા કરતાં આંખ ગુમાવવી સારી - **તુર્કિશ કહેવત**
- જયારે કોઈ દુઃખિયારો એમ કહે છે કે
  'અરે... રે... આ જગતમાં મારું કોઈ જ નથી' ત્યારે સૌથી વધુ ખોટું ઈશ્વરને લાગે છે - **દિપક સોલિયા**
- ખામી વિનાના મિત્રની શોધ કરનારને કોઈ મિત્ર મળતો નથી - **યહૂદી કહેવત**
- આજનું ઔષધ : સરગવાના પાનનો રસ મધમાં ઉમેરી આંજવાથી આંખોની બળતરામાં તરત રાહત થાય છે.

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

સમ્રાટને ચાર યોદ્ધામાંથી એકને સેનાપતિ બનાવવા માટે કસોટી કરવી હતી. તેણે ચારેયને કહ્યું, આપણા શહેરના છેવાડે એક ખેતરના શેઢે એક ભોંયરું છે. એમાથી વારાફરથી તમારે જઈ અંદર જે કંઈ છે તે લઈ આવાનું છે. પ્રથમ ઉમેદવાર જેવો ભોંયરા તરફ આગળ વધ્યો કે જોરદાર ગાજવીજ સાથે વાવઝોડું આવ્યું પ્રથમ ઉમેદવાર હેબતાઈ ગયો અને થોડોક આગળ વધીને ત્યાં બેભાન થઈ પડ્યો. બીજો ઉમેદવાર આગળ વધ્યો. તેણે પ્રથમ ઉમેદવારને પસાર કરી આગળ તો વધ્યો પણ જોરદાર વીજળીનો કડાકો થતાં એ પણ પડી ગયો. હવે ત્રીજો ઉમેદવાર આગળ આવ્યો. ઝડપથી આગળનાં બંનેને પસાર કરી ગયો. અને જેવો ભોયરાની નજીક પહોંચ્યો ત્યાં ધરતી ફાટી. ભયંકર અવાજ આવવા લાગ્યા. અને ત્રીજો પણ ઢેર થઈ ગયો. હવે ચોથો બોલ્યો, 'હું ભણભીત થયો છું એવી જ જો સમ્રાટને ખબર પડી જશે તો ?' આ ભય તેને વધુ સતાવતો હતો. મન મક્કમ કરી મનમાં રટણ કરવા લાગ્યો, 'હજી તો હું ઠીક છું.' ગાજવીજ વધી પણ મનમાં સતત રટણ. 'હજી તો હું ઠીક છું, હું હજી આગળ જઈ શકું તેમ છું.' આમ ધીમે ધીમે તે ભોંયરા સુધી પહોંચી ગયો. અને ધીમેથી દરવાજો ખોલ્યો. દરવાજો ખૂલતાં જ વાવઝોડું સમી ગયું. ગાજવીજ બંધ થઈ ગઈ. અંદર કંઈક ચાલી રહ્યું હોય તેવો આભાસ થયો. તેણે ફરી રટણ કર્યું, 'હજી તો હું ઠીક છું, આગળ વધી શકું છું.' જરા આગળ ગયો ત્યાં એક સફેદ ઘોડો હતો એન એની ઉપર એક કવચ હતું. હિંમત કરી તે કવચ તેણે પહેરી લીધું અને ઘોડા પર સવાર થઈ તે સમ્રાટ પાસે પહોંચ્યો. સમ્રાટે પૂછ્યું, 'કેમ લાગે છે?' યોદ્ધાએ કહ્યું, 'હજી સધી તો હું ઠીક છું.' સાર એટલો જ કે ધીમે... ધીમે... તમે પણ આગળ વધો તમે પણ અનુભવશો કે... 'હજી તો હું ઠીક છું...'

કથળેલા પ્રાથમિક શિક્ષણનો મૂળભૂત ઈલાજ

તંત્રીસ્થાનેથી...

થોડા દિવસ અગાઉ મહેસાણા જિલ્લાના છેવાડા તાલુકાના એક અંતરિયાળ ગામમાં શિક્ષણ વિભાગના વરિષ્ઠ અધિકારીએ જબરું કારસ્તાન પકડી પાડ્યું. સતલાસણા તાલુકાના ફતેહપુરા (ગઢ)માં ફક્ત ત્રણ વિદ્યાર્થીઓ માટે ચલાવાતી શાળામાં નિયુક્ત કરાયેલા શિક્ષક જાતે શિક્ષણકાર્યની તકલીફ લેવાને બદલે પોતાની જગ્યા પર પ્રોક્સી-ટીચર મોકલી શિક્ષણકાર્ય સંપન્ન કરાવતા હતા. દૂરદરાજના અંતરિયાળ ગ્રામીણ વિસ્તારમાં એમની આવી સ્વૈરવિહારી વર્તણૂક સામે વાંધો પણ કોણ ઉઠાવવાનું હતું? ગુરુજીને સરકારી ધોરણે પગાર મળતો હતો. એમાંથી ચોથા ભાગનો પણ પેલા બેકાર-બેરોજગાર યુવાનને ઘેરબેઠાં મળી જાય તો બેઉ માટે વિન-વિન પ્રોજેક્ટ જ ગણાય. આવું માત્ર સતલાસણા તાલુકાના અંતરિયાળ ગામડાની શાળામાં જ ચાલતું હશે એમ માની લેવાની જરૂર નથી. સતસાલણા કરતાં પણ પછાત વિસ્તારોમાં ગુજરાતના દરેક ખૂણે પથરાયેલા છે. ગાંધીનગરના સૂબાઓ અને મંત્રીઓ તો જઈ જઈને તાલુકા મથક સુધી જાય, એમ છેક દૂરદરાજના ગામડાં ખૂંદવા થોડા નવરાં હોય ! પરંતુ કોઈ અપવાદરુપ રાવ જેવા આઈએએસ અધિકારીને ઓચિંતા જ ભોમિયા વિના ડુંગરા ભમવાની ચાનક ચડે તો કયારેક આવી ઊંડાણની વાસ્તવિકતા છતી થાય ! મોરબી-માળિયા ખાતે પણ કોઈ પ્રાથમિક શિક્ષક પર રાવ સાહેબનો પુનિત પડછાયો પડી ચૂક્યો છે. કથળતા જતા પ્રાથમિકને ઉગારી લેવા આવી કડકાઈ સાથે વહેવારું શાણપણ અને પ્રેમાળ વર્તન પણ જરુરી ગણાય. શિક્ષકને ગુનેગાર ગણી લેવાની માનસિકતા લાંબે ગાળે નુકશાનરુપ નીવડશે. પ્રાથમિક શિક્ષકોની જમાતમાં એક વિચિત્ર પ્રકારની દહેશત પ્રવર્તી રહી છે. ગીર છોડીને રહેણાંક વિસ્તારમાં આવી જતા સાવજની જેમ ગામ આખું ફફડવા લાગે એમ આ વરિષ્ઠ અધિકારીના નામથી આખી શિક્ષક આલમ ફફડવા માંડી છે. ગુજરાત સરકારે શિક્ષકો પાસેથી એમને ચૂકવાતા પગાર કરતાં વધારે કામ લેવાનું વલણ અપનાવ્યું છે. માસ્તરની નોકરી પહેલાં જેવી એશોઆરામની રહી નથી. એમને હવે ફક્ત બાળકોને ભણાવવાનું જ કામ નથી કરવાનું - એમને સરકારની વાહ વાહ થાય એવા તમામ કાર્યક્રમોમાં સક્રિય રહેવું ફરજિયાત છે. એણને તીડ પણ ઉડાડવાં પડશે. ચૂંટણીની અને વસતિ-ગણતરીની કામગીરી પણ કરવી પડશે. વળી પહેલાંની જેમ કશું લોલેલોલ નહીં ચાલે. બાયોમેટ્રિક ટેકનોલોજીથી વેળાસર આગમન અને પ્રસ્થાન કરવું ફરજિયાત છે, નહીંતર પગાર કપાઈ જશે. પત્રકો ભરવાં, વિદ્યાર્થીદીઠ એની શૈક્ષણિક પ્રગતિનો અહેવાલ રાખવો દર અઠવાડિયે કસોટી લેવી : શિક્ષકોએ આવા સ્ટ્રેસની કદાચ સપનામાં પણ કલ્પના નહીં કરી હોય. નોકરીને કયારેક 'કનિષ્ઠ' ગણવામાં આવતી, વેપારને મધ્યમ અને ખેતીને ઉત્તમ. ફરી એક વાર એ સૂત્ર લાગુ પાડવા જેવી પરિસ્થિતિ સરજાય તો નવાઈ નહીં ! પ્રાથમિક શિક્ષકો પાસેથી કડક હાથે કામ લેવાની સરકારી નીતિને જરૂર બિરદાવીએ, પરંતુ સાથે એવી અપેક્ષા પણ અસ્થાને નહીં ગણાવી જોઈએ કે શિક્ષક પાસેથી ફક્ત શિક્ષણને લગતું જ કામ લેવાવું જોઈએ. ટ્રમ્પની સભામાં શિક્ષકોને જોતરવા ન જોઈએ. જાપાનમાં પ્રાથમિક શિક્ષણને યુનિવર્સિટીના પ્રોફેસર કરતાં વધારે ઊંચો પગાર આપવામાં આવે છે. પ્રાથમિક શિક્ષણ એ બાળકના ઘડતરનો પાયો છે. આપણા શિક્ષણ વિભાગના કર્ણધારોએ 'તોત્તોચન' વાંચવી જોઈએ. શિક્ષણમંત્રીએ અને ચુનંદા અધિકારીઓએ એકાદવાર જાપાનની પ્રાથમિક શાળાઓ જોઈ આવવી જોઈએ.

ધૂળેટી એટલે કોઈને રંગવાના ને પોતે રંગાવાનું...

અજવાળું - અજવાળું
તુષાર જોશી

'આજે, ધૂળેટીના પર્વ નિમિત્તે મારો શો છે... હું સરસ મજાની વાતો કરવાનો છું, થોડા પ્રેમપત્રો વાંચવાનો છું અને ઉત્તમ કલાકારો રંગોત્સવના ગીતો ગાવાના છે, તું અને આહના આવજો, મારી વાઈફ અને બીજા ચાર મિત્રો પણ આવે છે, મજા પડશે.... ટીકીટોની વ્યવસ્થા કરી લીધી છે...'

તપને એના મિત્ર અભિષેકને ફોનમાં કહ્યું... રાત્રે કાર્યક્રમમાં ગયા... પણ જેમ જેમ કાર્યક્રમમાં તપન વાતો કરતો ગયો તેમ તેમ અભિષેક અને આહનાના ચહેરા ઉપર જાણે કેસુડા ખીલ્યા હોય એવા રંગો રાત્રે પણ છવાઈ ગયા હતા. એવું તે શું વર્ણન તપને રંગોત્સવના એ કાર્યક્રમમાં કર્યું કે કાર્યક્રમમાંથી પરંત આવીને ગાડીમાં બેસીને અભિષેકે તપનને પાંચ-સાત ધુંબા માર્યા... ને તપન હસતો જ રહ્યો...

વાત એમ હતી કે અભિષેક અને તપન, સાયન્સ કૉલેજમાં ભણતા એ સમયે હોસ્ટેલમાં એક જ રુમમાં સાથે રહ્યા હતા. માસ્ટર્સ ડિગ્રી સુધીના પાંચ વર્ષ અભ્યાસમાં અને ઈતરપ્રવૃત્તિમાં બંનેએ બહુ ભાગ લીધા. કૉલેજના ગ્રુપમાં, એમાંયે છોકરીઓમાં એમની લોકપ્રિયતા વધુ. માસ્ટર ડિગ્રી કરતી વખતે અભિષેકનો આહના સાથેનો અને તપનનો રમ્યા સાથેનો પરિચય પ્રેમમાં પરિવર્તન પામ્યો.

કૉલેજની પ્રવૃત્તિઓ સિવાય પણ સિનેમા-નાટક - સામાજિક કાર્યક્રમો અને ઉત્સવો માણવામાં બધા સાથે જ હોય. એ વખતે અભિષેકને ડાયરી લખવાનો શોખ. શબ્દો સાથે એની દોસ્તી... પણ વ્યવસાય નહિ, જયારે તપન તો એક રેડિયો સાથે જોડાયો અને પ્રોફેશનલી એક વક્તા-કવિ તરીકે ખુબ નામના પામ્યો. બંનેના લગ્ન પણ ઈચ્છિત પાત્રો સાથે થઈ ગયા. ખુબ સરસ જીવન ગોઠવાતું ગયું. તપનને ત્યાં દીકરી અને અભિષેકને ત્યાં દીકરો જન્મ્યા. એ પણ પ્રાઈમરી સ્કૂલોમાં ભણતા થયા.

એવામાં એક દિવસ તપન કોઈ કામે અભિષેકના ઘરે ગયો હતો અને અભિષેકના પુસ્તકોના કબાટમાં સાવ નીચે-ખૂણામાં પડેલી પેલી કૉલેજ કાળની ડાયરી પર એનું ધ્યાન ગયું. ડાયરી એણે લઈ લીધી. અભિષેકને ખબર ન હતી. એ ઘરે જવા નીકળી ગયો.

ઘરે જઈને નિરાંતે ડાયરી વાંચી. રોજિંદા પ્રસંગો - એની પ્રતિક્રિયા અને લાગણી ઝંકૃત થતા હતા એના શબ્દોમાં. થોડા પાના પર રંગોના છાંટણા હતા. પાને પાને આહનાને ધૂળેટીના દિવસે અભિષેકે પહેલીવાર જોઈ અને જે આકર્ષણ થયું ત્યારથી લઈને આ જ સુધીની તમામ, એટલે કે લગભગ દોઢ દાયકાની દરેક ધૂળેટીના દિવસની વાતો એમાં લખેલી હતી. આના આધારે તપને એ શૉમાં મારા એક મિત્રની ડાયરીના રંગોત્સવના પાના વાંચું છું કરીને પત્ર સ્વરુપે ક્રીએટીવલી આખી વાત રજૂ કરી હતી.

સ્વાભાવિક છે કે બીજા કાલ્પનિક પાત્રોના નામે પોતાના જ જીવનકથા પાત્રોમાં રજૂ થતી સાંભળીને અભિષેક રાજી પણ થતો હતો અને તપને કયારે અને કયાંથી આ ડાયરી મેળવી એ પણ વિચારતો હતો... આખરે કાર્યક્રમ પુરો થયે બંનેએ જુના દિવસો યાદ કર્યા... લગ્ન જીવનની તમામ ધૂળેટીના દિવસોને સુંદર રીતે સંકલિત કર્યાનો આનંદ આ અનુભવ્યો અને આવતીકાલે ધૂળેટીમાં બધાં મિત્રો પાસે ફરી આ પત્રોનું વાંચન નક્કી કરી પ્રેમના રંગે સહુ રંગાયા.

આનંદ... પ્રસન્નતા... પ્રેમ... મસ્તી... મ્યુઝિક અને ધમાલનો તહેવાર એટલે ધૂળેટી. વસંત ઋતુમાં ફાગણ સુદ પુનમના દિવસે ઉજવાતો આ ઉત્સવ પ્રેમીઓના મન-હૃદયમાં જાણે મેઘધનુષ રચી આપે છે. બહાર રંગોની છાકમછોળમાં એન અંદર પ્રેમના રંગોમાં હૃદય ભીંજાય છે. સ્વજન-પ્રિયજન-મિત્રો સાથે ઉજવાતી ધૂળેટી દાયકાઓ સુધી સ્મરણીય બની રહે છે.

ફાગણનો માદક અને મનમોહક મિજાજ, પ્રગટ થાય છે, ધૂળેટીના રંગોમાં. નેણ અને વેણ બંનેના દ્વારા પ્રેમ અભિવ્યક્ત થાય છે ધૂળેટીમાં...

ધૂળેટી એટલે કોઈને રંગવાના ને પોતે રંગાવાનું, કોઈને ચીતરવાના ને પોતે ચીતરાવાનું, કોઈને ભીંજવવાના ને પોતે ભીંજાવાનું... ધૂળેટી એટલે મલ્ટી કલર લાઈટોના અજવાળામાં મસ્ત થઈને રંગીન થવાનો - અવસર.

ઈસ 'થપ્પડ' કી ગૂંજ દૂર તક જાયેગી...

વિચારયાત્રા
ડો. જય ઓઝા

ગયા શુક્રવારે અનુભવસિંહા દિગ્દર્શિત અને તાપસી પન્નુ અભિનિત 'થપ્પડ' ની ગૂંજ સંભળાઈ. તાપસી પન્નુ સિવાય તન્વી આઝમી, રત્ના પાઠક, કુમુદ મિશ્રા, પાવિલ ગુલાટી, દિયા મિર્ઝા, માનવ કૌલ જેવા સહાયક પાત્રો પણ ફિલ્મને ઊંચાઈ બક્ષે છે.

ફિલ્મની શરુઆતની ગૂંથણી જ સૂક્ષ્મ રીતે ફિલ્મનાં શ્રેષ્ઠત્વને સાબિત કરી દે છે. વિવિધ મહિલાઓની કથા વણતાં વણતાં માતા, સાસુ, નોકરાણી, પાડોશીની ૧૩ વર્ષની પુત્રી - તેમના જીવનના વિવિધ યુગ અને તબક્કે પ્રેમનો વિચાર. અને પછી તે બધા પાત્રો એક જ ઘરમાં રૂપાંતરિત થાય છે, જયાં અમૃતા તેની રસોડાની બારીમાંથી લીંબુ રસની છીણી, લીલી ચા તોડવાની ચેષ્ઠા, આદુને છીણીને ઉકળતી ચામાં નાખવાની ક્રિયા, સવારે અલાર્મ વાગે તે બંધ કરીને, બહાર પડેલી દૂધની બોટલ લેવા જવી, ન્યૂઝપેપર ઉઠાવવું, બાલ્કનીના છોડને પાણી આપવું, સવારના સૂર્યોદયની મોબાઈલમાં છબી કંડારવી. આ બધી ક્રિયા એકાધિકવાર દર્શાવવામાં આવે છે, જે 'ગૃહિણી'ના રોજિંદા કાર્યકલાપ અને સળંગ કાર્યમાળાનું સિમ્બોલ છે.

પતિને નાસ્તો પીરસે છે, વૉલેટ આપે છે, બેગ આપે છે, તેનો પતિ વિક્રમ (પાવિલ ગુલાટી) કંપની દ્વારા તેને પ્રમોશનરુપે લંડન મોકલવામાં આવે તેની તૈયારીમાં વ્યસ્ત છે, છેવટે તેનું પ્રેઝેન્ટેશન સફળતા પૂર્વક પાર પડે છે, અને તેના લંડન જવાના સ્વપ્નને ઉડાન મળે છે, તે સાંજે આ સફળતાની ખુશીમાં પાર્ટી અપાય છે, અને તેમાં બધા જ સગાવ્હાલાં અને મિત્રો મળીને ઉત્સવ મનાવતાં હોય છે. ત્યારે જ તેના બોસનો ફોન આવે છે કે તારી જગ્યાએ બીજા વ્યક્તિને લંડન મોકલવાનો નિર્ણય થયો છે.

વિક્રમ ખૂબ જ ડિસ્ટર્બ થઈ જાય છે, તેની જ ઑફિસના એક કર્મચારી સાથે તુ-તુ - મૈં-મૈં પર આવી જાય છે, અને આ ઝઘડામાં તેની પત્ની તાપસી પન્નુ વચ્ચે પડે છે, અને ઉશ્કેરાટમાં તે તાપસીને થપ્પડ મારી દે છે. બસ, આ પ્રસંગ તાપસીના મનમાં ઝંઝાવાત ઉત્પન્ન કરી દે છે. આ શરમજનક પ્રસંગ પછી તેને મળતા દરેક વ્યક્તિ, તેની સાસુ, તેના મમ્મી ત્યાં સુધી કે તેના પતિ પણ આ ઘૃણાયુક્ત કાર્ય માટે ક્ષમા માંગવાની કે લજ્જિત થવાની વાત તો દૂર, પરંતુ પુરુષ જયારે ગુસ્સામાં હોય કે ડિસ્ટર્બ હોય ત્યારે આવું પગલું ભરી બેસે, તેને ભૂલીને આગળ વધી જવાની જ સલાહ આપે છે.

એ આખી રાત તે સૂઈ નથી શકતી, ડ્રોઈંગરુમમાં આવે છે, પાર્ટી હોવાના કારણે અસ્તવ્યસ્ત પડેલું ફર્નિચર અને વસ્તુઓ ઠીકઠાક કરાવવાનું શરુ કરી દે છે. કેમેરા તાપસી પન્નુના ચહેરા તરફ મંડાયેલો છે, અને તેની મૂક વેદના દર્શકોને હલબલાવી નાખે છે. અવાજથી જાગી જઈને તેની સાસુ તન્વી આઝમી પણ ઊઠીને બહાર આવે છે, અને કહે છે કે, ''કેમ સુતી નથી. આ બધું અત્યારે કરવાની શી જરુરત છે, નોકરાણીને તો આવવા દેવી હતી...!'' 'ખલાસ' તાપસી પન્નૂના મનમાં વલોપાત સર્જાય છે, કે મારી હાલતથી પૂરેપૂરાં જ્ઞાત હોવા છતાં મારા સાસુ કે જેને મેં મારી માતાની જેમ માન્યા છે, તે ગઈ સાંજના 'થપ્પડ' વાળા પ્રસંગને તો જાણે વિસ્મરી જ ચૂક્યા છે!

વળી તન્વી આઝમી (તાપસીની સાસુ) પોતે પ્રેમવિહીન લગ્નમાં પોતાની ઓળખ માટે લડે છે, તે પોતાના પતિથી અલગ પોતાના દીકરા અને વહુ સાથે રહે છે, તે પણ તેની વહુને સમજતા નથી.

અને પછી તાપસી પન્નુ નક્કી કરે છે કે 'થપ્પડ' નો આ ગોઝારો પ્રસંગ તો કોઈ પણ ભોગે ભૂલી શકાશે નહીં.

મારા સરાઓ (તાપસીની છૂટાછેડાની વકીલ) તે બહારથી જે સ્ત્રી હક્કો માટે લડતી સફળ વકીલ છે, પરંતુ વાસ્તવમાં તે પોતે એક તૂટેલા સંબંધને જોડીને પરાણે જ જીવન જીવે છે, ગીતિકા વિદ્યા ઓહલ્યાન (તાપસીની નોકરાણી) નિયમિતપણે તેના પતિ દ્વારા માર ખાય છે, અને તે વિચારે છે કે, જો 'મોટા ઘરો'માં આવું થતું હોય તો... પછી મારો વર તો મારે તેમાં નવું શું...?

કુમુદ મિશ્રા, (તાપસીના પિતા) તરીકે અફલાતુન અભિનય કરે છે. તે પુત્રીનો પ્રખર સમર્થક છે. તે પુત્રીનો હિમાયતી છે, પણ જયારે તેની પત્ની (રત્ના પાઠક) પૂછે છે કે, આજે તમને તમારી પુત્રીની તરફદારી કરવી ઉચિત લાગે છે, પણ તમે કયારેય પૂછ્યું કે મારી શું ઈચ્છાઓ છે ? રત્ના પાઠક તેની પત્નીને કહે છે કે, 'છેવટે આ જીવન છે, તેમાં તમે આગળ વધો. આ જ સ્ત્રીનું ભાગ્ય છે.'

મૃણમયી લાગૂ અને અનુભવસિંહા એ આખી કથાની પૃષ્ઠભૂમિમાં દિલ્હીનું ઉચ્ચ મધ્યમ વર્ગીય પરિવારને મૂક્યું છે, તે નોંધપાત્ર છે. ગામડાના અભણ અને ગરીબ માહોલમાં જ આવા અપકૃત્ય થાય તેવું નથી, શિક્ષિત કુટુંબો પણ પાછળ નથી.

થપ્પડનાં સંવાદો, માતા-પિતા, સાસુ સમાજ આ આખા દુષ્પ્રસંગને સ્વીકારવાની સલાહ આપે છે, તે આપણી વિચારધારાને રૂઢિગત માનસિકતાને ઉજાગર કરે છે, 'ટેકન ફોર ગ્રાન્ટેડ' ગણી લેતી આપણી આ વિકલાંગ મનોસ્થિતિ પર મોટો પ્રહાર એટલે 'થપ્પડ'.

ઘરના કામકાજમાંથી ઊંચા આવવાનો સમય જ જેને નથી મળતો. આજીવન મૂક બનીને પતિ, સાસુ, સસરા, સંતાનો વચ્ચે પિસાતી રહે છે. પોતાની અંગત અભિવ્યક્તિ, સંવેદનાઓ, એષણા આ બધું પરિવારમાં ભેળવી દે છે.

આપણે એવું માનીએ છીએ કે ઘરની બહાર જઈને પુરુષ દુનિયા સામે બાથ ભીડીને પૈસા કમાઈ લાવે છે તે મોટું કામ છે. પરંતુ ગૃહિણી હંમેશા અઢળક કામ કરે છે છતાં 'થેંકલેસ' છે.

ગૃહિણી બધી જ જવાબદારીઓ હસતા મુખે સ્વીકારે છે અને સામે અપેક્ષા રાખે છે માત્ર થોડા પ્રેમ અને આદરની, પણ જયારે એ થોડામાં પણ કચાશ રહી જાય ત્યારે તે વિહ્વળ બની જાય છે. તેની નાની-નાની અપેક્ષાઓ અનસુની થઈ જાય, તેને કોઈ સમજી ન શકે ત્યારે તે મુંઝાઈ ઊઠે છે, પિતા, પુત્ર કે પતિ કે ઘરના અન્ય કોઈ સદસ્ય આપણા ઘરમાં હાલતા, ચાલતા દેવીપુંજ સમાન ગૃહિણીને દુભવતાં તો નથી ને!

'થપ્પડ' આપણને ક્યાંક ને ક્યાંક ગુનેગાર હોવા તરફ અંગૂલિનિર્દેશ કરે છે. તાપસી પન્નુ કહે છે કે, ''જયારે હું નાની હતી ત્યારે મને કોઈ પૂછે કે તું મોટી થઈને શું બનીશ તો મને યાદ નથી કે, મેં કોઈને કહ્યું હોય કે હું 'House Wife' બનીશ.'' ઘણી બધી સૂક્ષ્મ બાબતોને સમજાવતી આ અઢી કલાકની નેત્રવિસ્ફારીત કરી દેતી ફિલ્મ આપણને પિતા-પુત્રીનો સંબંધ, માતા-પુત્રીનો સંબંધ, સાસુ-વહુનો સંબંધ અને છેવટે પતિ-પત્નીના સંબંધનો એક્સ-રે દર્શાવતું મશીન છે.

આ 'થપ્પડ'ની ગૂંજમાં ચિલ્લાહટ નથી પરંતુ એવી મૂંગી ટીસ છે, જે અનુભવનારને મૂક બનાવી દે છે. બોલીવુડની એક અલગ જ વિભાવના ધ્યાનમાં આવે છે જયાં છ-આઠ મહિના પહેલા જ પ્રેમિકાને પ્રોપર્ટી સમજીને જાહેરમાં માર મારતા 'કબીરસિંહ' ને વધાવી લેવામાં આવી તો, બીજીબાજુ તેનાથી ૩૬૦ ડિગ્રી વિપરીત આ 'થપ્પડ' રીલીઝ થઈ છે.

- jayuoza@gmail.com, Mo.9898046488

પોતાની જાત ઉપર વિશ્વાસ એટલે જીતનો શ્વાસ

આત્મનાદ
પુલક ત્રિવેદી
pulak63@gmail.com

સદાય હસતા ખેલતા વ્યક્તિની કહાનીથી વાતનો ઉઘાડ કરવો છે. એની મુશ્કુરાહટ પાછળ દર્દીલા ભયાનક જીવનની દાસ્તાન છે. દુઃખ અને મુશ્કેલીઓને આ વ્યક્તિ એની હાસ્યની કિલકારીઓમાં ઘોળીને પી ગયો હતો. એ હંમેશા હસતો અને લોકોને હસાવતો રહેતો. નામ એનું સ્લિટઝી. જેટલું અટપટુ નામ છે એટલી જ અટપટી એની જિંદગી હતી.

અમેરિકાના એક ધનાઢ્ય પરિવારમાં સ્લિટઝીનો જન્મ થયો હતો. જન્મ સમયે એનું નામ હતું સિમોન મેટ્ઝ. એના જન્મની ચોક્કસ તારીખનો કોઈને ખ્યાલ નથી પણ માનવામાં આવે છે કે, સપ્ટેમ્બર ૧૦, ૧૯૦૧માં એનો જન્મ થયો છે. એ જન્મ્યો ત્યારે નોર્મલ બાળક હતો પરંતુ એ જન્મજાત માઈક્રોસેફલી બિમારીનો ભોગ બન્યો હતો. આ એવી બિમારી છે કે જેમાં વ્યક્તિનું મોઢું અને શરીર તો બરાબર વિકાસ પામે પણ માથું અને કપાળ પ્રમાણમાં ઓછા વિકસે છે. સામાન્ય વ્યક્તિની સરખામણીમાં આવા વ્યક્તિનું માથુ અને કપાળ અડધુ હોય છે. માઈક્રોસેફલી બિમારીથી પીડાતા વ્યક્તિની માનસિક અને શારીરિક ક્ષમતા પણ ઘણી ઓછી હોય છે. આવા વ્યક્તિને ચોઝ, રેડ પીપલ કે પીનટ્સ પણ કહેવામાં આવે છે.

બાળક ગર્ભમાં હોય ત્યારે માતાનું અતિશય શરાબ સેવન આવી બિમારી પાછળનું એક કારણ હોઈ શકે છે અથવા જીનેટિકલી પણ આ રોગ થઈ શકે છે. વિટંબણા એ છે કે આ રોગ લાઈલાજ છે. આ બિમારીના કારણે વ્યક્તિનો દેખાવ કદરૂપો અને વિચિત્ર લાગતો. અમિર મા-બાપને સ્લિટઝીના માઈક્રોસેફલી રોગથી શરમ આવતી. એ લોકો સતત ભયના ઓથાર નીચે જીવતા કે, મિત્રો અને સગા આ કદરૂપા બાળકના કારણે એમની મજાક ઉડાવશે. સ્લિટઝીને એમણે હંમેશા લોકોથી દૂર રાખ્યો. સ્લિટઝીને એક બહેન પણ હતી તે પણ માઈક્રોસેફલી બિમારીનો શિકાર હતી. માતા-પિતાએ આ બન્ને બાળકોને નાનપણમાં જ વેચી નાખ્યા હતાં.

મા-બાપે તરછોડ્યા પછી આ બન્ને બાળકોની જિંદગીની નવી ઈનિંગ્સ ડ્રીમલેન્ડ સર્કસના પ્રાંગણમાં શરૂ થઈ. માણસને જયારે સૌથી વધુ પ્રેમ, લાગણી, હૂંફ અને સંભાળની જરૂર હોય એવી બાલ્યાવસ્થામાં સ્લિટઝી સર્કસમાં કામ કરતો થઈ ગયો. સ્લિટઝીનું શરીર તો વિકાસ પામતું ગયું પણ એનું મગજ ત્રણ વર્ષના બાળક જેટલું હતું. એ નાના નાના શબ્દો જોડી ટૂંકા ટૂંકા વાક્યો બોલતો.

સર્કસમાં 'મંકી ગર્લ'નું પાત્ર એ ભજવતો. સ્લિટઝી હંમેશા છોકરી જેવા ડ્રેસ પહેરતો. એ સદાય હસતો અને લોકોને એની એકટીંગથી હસાવતો રહેતો. સ્લિટઝી ચાલતા બરાબર સમતોલન ન જાળવી શકતો એટલે હંમેશા તેની સાથે એક કેરટેકર રહેતો. ધીમે ધીમે 'ફની નેચર' એનો સાચો મિત્ર બની ગયો. દિન બદિન એ અત્યંત લોકપ્રિય બની ગયો. લોકોના હૃદયમાં સ્લિટઝીનું અદકેરું સ્થાન ઉભું થઈ ગયું. જે પણ એના સંપર્કમાં આવતા એ એની સાદગી અને માસુમિયતના દિવાના બની જતા.

સર્કસના પ્લેટફોર્મ ઉપર સ્લિટઝીની ધજા પતાકા એટલી જોરશોરથી ફરકી કે એને હોલીવુડમાંથી ઓફરો મળવા લાગી. વર્ષ ૧૯૩૨માં એણે 'ફ્રીક' નામની એક હોરર ફિલ્મમાં પહેલ વહેલું કામ કર્યું. આ ફિલ્મ અનેક વિવાદોમાં ફસાઈ હતી. ફિલ્મ ખાસ ચાલી પણ નહીં. પરંતુ સ્લિટઝીને તો એનાથી જબરજસ્ત ફાયદો થયો. આ ફિલ્મથી એને સ્ટારડમ મળી. ત્યાર પછી એણે હોલીવુડની ઘણી ફિલ્મોમાં કામ કર્યું.

વર્ષ ૧૯૩૬માં સર્કસમાં ચિંપાઝીના ટ્રેઈનર જ્યોર્જે સ્લિટઝીને દત્તક લીધો. એણે સ્લિટ્ઝીની ખૂબ સંભાળ પણ લીધી. જ્યોર્જના મૃત્યુ પછી એની દીકરીએ સ્લિટ્ઝીને લોસ એન્જેલસની મેન્ટલ હોસ્પિટલમાં દાખલ કરી દીધો. મેન્ટલ હોસ્પિટલમાં એ ત્રણ વર્ષ રહ્યો. હોસ્પિટલમાં તેનું ધ્યાન બરાબર ન રખાતુ. વળી લોકોથી દૂર થતા સ્લિટઝીની તબિયત બગડવા લાગી. એવામાં સર્કસમાં જાદુના ખેલ કરતા એના એક મિત્રને સ્લિટઝીની નાદુરસ્ત તબિયતની ખબર પડી. એ સ્લિટઝીને પોતાની સાથે લઈ ગયો, અને એ જીવ્યો ત્યાં સુધી સ્લિટઝીની સાથે રહ્યો.

લોકોના હૃદયમાં રહેતો, હસતો હસાવતો અને નામના મેળવ્યા પછી પણ સ્લિટઝીએ જ્યારે ૭૦ વર્ષની ઉંમરે દુનિયાને હસતા હસતા અલવિદા કહ્યું ત્યારે એની પાસે પોતાનું ઘર પણ ન હતું. શારીરિક અક્ષમતાને અતિક્રમીને એણે એક અ